Ref. No. :G\VGuj\BRC\Comprehensive circular_BRC_ collage.doc

પ્રતિ,

કુલપતિશ્રી,

_______________ યુનિવર્સીટી

**વિષય : વાંચે ગુજરાત અભિયાન**

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અને પુસ્તક અધ્યયન અનુશીલન પ્રોજેકટ સ્પર્ધા : આયોજન અને વ્યવસ્થા**

વિદ્યાર્થીઓ વાચન સંસ્કારના બીજ રોપાય અને વાચન એક ટેવ તરીકે વિકસે, વાચન એમનો સ્વભાવ બને અને વિદ્યાર્થીઓ જીવનનું ધ્યેય નક્કી કરે એ માટે વિશ્વ સમગ્રના બાળકોને/ યુવાનોને માટે દીવા દાંડી સમાન બની રહે એવો અભિનવ નવતર પ્રયોગ ગુજરાતના આંગણે થઇ રહ્યો છે.

આ પ્રયોગમાં ગુજરાતની ૨૫૦૦૦ જેટલી શાળાઓના અને કોલેજોના ૨૫.૦૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ, લગભગ ૧.૦૦ કરોડ જેટલા પુસ્તકોનું વાચન કરશે, પોતાના જીવનના ધ્યેય નક્કી કરશે. ૨૫૦૦૦ શાળાઓમાં અને કોલેજોમાં વિચારમેળા ઉજવાશે અને શાળાઓ / કોલેજો માંથી ગ્રંથયાત્રા નીકળશે. ઠેર ઠેર પુસ્તક પ્રદર્શન યોજાશે. વિચારોના ફુવારા ઉડશે.

વિશ્વભરમાં અજોડ અને અનોખી કહી શકાય એવી આ સ્પર્ધા કોલેજો માટે ‘‘ચાર’’ સ્તરે યોજાશે. સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ કોલેજોમાં વર્ગ સ્તરે યોજાશે. ત્યારબાદ કોલેજ સ્તરે, વહીવટી જિલ્લા સ્તરે અને યુનિવર્સીટી સ્તરે યોજાશે. દરેક સ્તરે સ્પર્ધાના આયોજનની જવાબદારી, નિર્ણાયકોની નિમણુંકની જવાબદારી, વિગતવાર સમયપત્રક, કાર્યક્રમની સંપૂર્ણ સમજ આ સાથે સામેલ છે.

કાર્યક્રમની વિગતવાર માહિતી તેમજ કોલેજોએ કરવાની કામગીરીની વિગતો પણ આ સાથે સામેલ છે. દરેક કોલેજોને તેમજ આ અંગે જિલ્લા કોઓર્ડીનેટરોને પણ યોગ્ય સૂચના આપવી અને દરેક કોલેજ અને જિલ્લા કો-ઓર્ડીનેટરો આ

કાર્યક્રમનું ગંભીરતાપૂર્વક આયોજન કરે તેની તકેદારી રાખવી અને એનું આયોજન અને નિયમન કરવું. આ માટે સમાજના અગ્રણીઓ,  જિલ્લા અને તાલુકાની સમિતિના સભ્યોનો પણ સહયોગ મેળવવો.

જે કામગીરી જિલ્લા કોઓર્ડીનેટરે કરવાની છે. તે અંગેની જાણ એમને કરવી. આ પરિપત્રની નકલ એમને પણ પહોચાડવી. જયારે વહીવટી જિલ્લા કક્ષાની અને યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધાના આયોજન અને વ્યવસ્થાની તમામ જવાબદારી જે તે કુલપતિશ્રી ની રહેશે.

યુનિવર્સીટી કક્ષાએ વિભાગવાર વિજેતાના નામ, વાંચેલા પુસ્તકોની યાદી, સરનામું, ફોન નંબર વિગેરે વિગતો તા. ૨૫/૦૨/૨૦૧૧ પહેલા જરૂરથી મોકલવી.

દરેક કોલેજને આ કાર્યક્રમની જાણ કરતો પરિપત્ર આ સાથે સામેલ છે.

**આ પરિપત્રને બહોળી પ્રસિધ્ધી આપવી અને દરેક કોલેજોને આ પરિપત્ર તાત્કાલિક મોકલવો.**

આભાર સહ.

લિ.

શ્રી હસમુખ અઢિયા

અગ્ર સચિવ,

શિક્ષણ વિભાગ

પ્રતિ,
આચાર્યશ્રી / આચાર્યાશ્રી,

નમસ્કાર અને સ્નેહાદ્ર વંદન !

**વિષય : ‘‘વાંચે ગુજરાત’’ અભિયાન અંતર્ગત થનાર**

**‘‘શ્રેષ્ઠ વાચક સ્પર્ધા’’ અને પુસ્તક અધ્યયન - અનુશીલન પ્રોજેક્ટ સ્પર્ધાના આયોજન અને વ્યવસ્થા સંદર્ભે**

વિદ્યાર્થીઓમાં વાચન સંસ્કારના બીજ રોપાય અને વાચન એક ટેવ તરીકે વિક્સે, વાચન એમનો સ્વભાવ બને અને વિદ્યાર્થીઓ જીવનનું ધ્યેય નક્કી કરે એ માટે વિશ્વ સમગ્રના બાળકોને, યુવાનોને માટે દીવા દાંડી સમાન બની રહે એવો અભિનવ નવતર પ્રયોગ ગુજરાતના આંગણે થઇ રહ્યો છે.

વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત **‘‘શ્રેષ્ઠ વાચક સ્પર્ધા’’** અને પુસ્તક અધ્યયન - અનુશીલન પ્રોજેક્ટ સ્પર્ધામાં સંમિલિત થવા બદલ આપને અને કોલેજ પરિવારને હાર્દિક અભિનંદન. આપની કોલેજોના વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે આપનો આ નિર્ણય મહત્ત્વનો અને ખૂબ ઉપયોગી બની રહેશે. વિદ્યાર્થી અને સમાજ આપનો ઋણી બનશે. વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અને પુસ્તક અધ્યયન, અનુશીલન નામના આપણાં અભિનવ પ્રયોગમાં ગુજરાતની મોટે ભાગની કોલેજોનાં ઘણાં ખરા અધ્યાપકો ખરેખર ઉમદા-પ્રશંસનીય કામગીરી કરી રહ્યાં છે. આ સૌને અમારા હૃદયપૂર્વક વંદન અને સલામ હોજો. વિદ્યાર્થીઓના જીવન ઘડતરનો સાચો પાયો આપ નાંખી રહ્યાં છો.

આ પ્રયોગમાં ગુજરાતની ૨૫૦૦૦ જેટલી શાળા / કોલેજોના ૨૫.૦૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ, લગભગ ૧.૦૦ કરોડ જેટલા પુસ્તકોનું વાચન કરશે, પોતાના જીવનના ધ્યેય નક્કી કરશે. ૨૫૦૦૦ શાળા/કોલેજોમાં વિચારમેળા ઉજવાશે અને શાળા/ કોલેજો માંથી ગ્રંથયાત્રા નીકળશે. ઠેર ઠેર પુસ્તક પ્રદર્શન યોજાશે. વિચારોના ફુવારા ઉડશે.

કુલ આશરે રૂ. ૨.૦૦ કરોડની કિંમતના ૧.૦૦ લાખ જેટલા ઇનામો, તમામ પુસ્તકોના સ્વરૂપે શાળા /કોલેજોમાં અપાશે.
‘‘૫૦’’ કરતા વધારે પુસ્તકો વાચનાર સ્પર્ધકો માટે પણ ખાસ આકર્ષણો છે.

**સ્પર્ધા તો એક માધ્યમ છે.** બાકી આ તો વાચન સંસ્કાર આરોપણનો યજ્ઞ છે. આ યજ્ઞમાં નિષ્ઠાપૂર્વક ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને કોલેજોને રાજ્ય સરકાર આશરે રૂ. ૫૦ લાખની કિંમતના પુસ્તકો ઇનામો તરીકે આપશે.આ નિમિત્તે ઘણી કોલેજો અમૂલ્ય પુસ્તકો ખરીદી રહી છે. અને કોલેજોનાં પુસ્તકાલયને વધુને વધુ સમૃધ્ધ કરી રહ્યાં છે.આ અભિનવ વાચનયજ્ઞરૂપી નવતર પ્રયોગના કાર્યશીલ હોતા બનવા બદલ આપને અભિનંદન. આપે સુંદર કામગીરી બજાવી જ છે. એમ છતાં આ અભિયાનને હજી વધુ સફળ બનાવવા, આપે જો હજી સુધી નીચે જણાવેલ કામગીરી  ન કરી હોય તો જરૂરથી કરશો એવી અપેક્ષા છે.

(૧) સમગ્ર પ્રોજેક્ટ માટે ૫૦૦ વિદ્યાર્થીદીઠ એક અધ્યાપકની ગ્રંથસારથિ તરીકે નિમણૂંક કરો.

(૨) વધારેમાં વધારે વિદ્યાર્થીઓ વધારે ને વધારે પુસ્તકો વાંચી સ્પર્ધામાં ભાગ લે, એવી તૈયારીઓ આજથી જ શરૂ કરો.

(૩) વાચનયજ્ઞ માટે જરૂરી એવા પુસ્તકોની શક્ય હોય તો ખરીદી કરો.

(૪) કોલેજના બધા જ, ૧૦૦% વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે એ માટે તાત્કાલિક ‘‘પ્રેરણાસભા’’નું આયોજન કરો એ માટે જિલ્લા-તાલુકા સમિતિનો સંપર્ક કરો. સભા ન થઇ હોય તો પ્રેરણા સભા તાત્કાલિક ગોઠવશોજી.

(૫) આપની કોલેજોમાં ઓછામાં ઓછી એક વિચાર-વાચન શિબિરનું આયોજન કરો.

(૬) કોલેજોમાં દરેક વર્ગમાં અઠવાડિયામાં એકવાર ‘‘મને ગમતું પુસ્તક વાર્તાલાપ’’ કાર્યક્રમ શરૂ કરી અભિયાનની ભાવનાને કાર્યાન્વિત કરશો.

(૭) પુસ્તકો લેવા માટે વિદ્યાર્થીઓને સામૂહિક રીતે લાયબ્રેરીમાં લઇ જાવ અથવા પુસ્તકો આપવાની વ્યવસ્થા કરો.

(૮) સમગ્ર પ્રોજેક્ટનાં આયોજન માટે સ્ટાફ મીટીંગ કરી વ્યૂહરચના નક્કી કરો.

**આપને એ સુવિદિત છે કે ‘‘શ્રેષ્ઠ વાચક સ્પર્ધા’’ ડીસેમ્બરમાં અને પુસ્તક અધ્યયન અનુશીલન પ્રોજેકટ જાન્યુઆરીમાં યોજાનાર છે. એ માટે વિદ્યાર્થીઓ હજી પણ પુસ્તકો વાંચી શકે છે. અને દિવાળી વેકેશન દરમ્યાન હજી એને ઘણાં પુસ્તકો વાંચવાની તક છે. માટે હવે આપણે દિવાળી વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ વધારે ને વધારે પુસ્તકો વાંચે એ માટે ખાસ ઝુંબેશ / અભિયાન ચલાવવાની જરૂર છે.**

❖ **આપ આટલું કરશો તો અમને ઘણો આનંદ થશે :**

(૧) વધારે ને વધારે વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાય એ માટે એમને પ્રોત્સાહિત કરો. કોલેજના ૧૦૦% વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ભાગ લેવા જોઇએ.

(૨) કોલેજની લાયબ્રેરી પણ દિવાળી વેકેશનમાં ખાલી કરી નાંખો. વિદ્યાર્થીઓના નાના નાના સમૂહ બનાવી, પુસ્તકો એમને વાંચવા આપી દો. દરેક જુથ દીઠ વિદ્યાર્થી લાયબ્રેરીયનની નિમણુંક કરો, જેથી વિદ્યાર્થીઓ વેકેશનમાં જુથની અંદરો અંદર પુસ્તકોની અદલાબદલી કરી શકે.

(૩) **કોલેજની લાયબ્રેરી વેકેશન દરમ્યાન શક્ય હોય તો ચાલુ રાખો.**

(૪) ટુંકમાં કોલેજની લાયબ્રેરીના પુસ્તકો વેકેશન દરમ્યાન કોઇપણ રીતે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવશો.

(૫) કોલેજ કક્ષાની શ્રેષ્ઠ વાચક સ્પર્ધા તા. ૨૦ થી ૩૧ ડીસેમ્બર આસપાસ યોજાશે.

(૬) અમને શ્રધ્ધા છે આપની કોલેજના બધા જ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં ભાગ લે એવા નિષ્ઠાપૂર્વકના આપના અને આપની ટીમના પ્રયત્નો રહેશે.

વિચાર વાચન શિબિરો, વિચાર મેળા, પ્રેરણાસભા જેવા આનુષંગિક કાર્યક્રમો દ્વારા શાળામાં વાચન ભૂખ જાગી છે. સમગ્ર પ્રયોગની આખરી ઉજવણી અને વાચન સ્પર્ધા **ડીસેમ્બર માસના પહેલાથી / ત્રીજા અઠવાડીયા** દરમ્યાન યોજાશે.

**વાચક સ્પર્ધા અને પુસ્તક અધ્યયન  અનુશીલન પ્રોજેકટ સ્પર્ધા :**

**સ્પર્ધા ચાર સ્તરે યોજાશે**

| | | | |
|---|---|---|---|
| ૧. | **કોલેજમાં** | : | **વર્ગ સ્તરે** |
| ૨. | કોલેજમાં | : | આંતર વર્ગ |
| ૩. | આંતર કોલેજ | : | વહીવટી જિલ્લા સ્તરે |
| ૪. | આંતર કોલેજ | : | યુનિવર્સીટી સ્તરે |

- **પુસ્તક અધ્યયન અનુશીલન માટેની સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ સીધો જ કોલેજ કક્ષાએ યોજી શકાશે.**

૧. પ્રથમ રાઉન્ડ જે તે કોલેજોમાં દરેક વર્ગ દીઠ અલગ અલગ થશે.

૨. દરેક કોલેજ દીઠ કોલેજમાં જેટલા વર્ગ હોય એટલા વિદ્યાર્થી વિજેતા જાહેર થશે અને એ વિદ્યાર્થીઓ વર્ગનું પ્રતિનિધિત્વ કોલેજ સ્તરે કરશે.

૩. ૫૦ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં "બાય"આપવામાં આવી છે. એટલે એમને સીધા જ કોલેજ  સ્તરની સ્પર્ધા માટે મોકલવા. આમ કરતાં એક વર્ગમાં એક કરતા વધારે વિદ્યાર્થીઓ હોય તો પણ એક કરતા વધારે વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાની સ્પર્ધા માટે મોકલવા. એઓ સ્પર્ધામાં ભાગ ન લેતા સીધા વિચારગોષ્ઠિ માટે જશે (જો આયોજન થયું હોય તો).

૪. બીજા રાઉન્ડમાં કોલેજમાં આંતર વર્ગ સ્તરે સ્પર્ધા યોજાશે. જેમાં દરેક વર્ગના વિજેતા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

૫. દરેક કોલેજ માંથી  એક વિજેતા જાહેર કરવામાં આવશે. વિજેતા વિદ્યાર્થી એની આગળની સ્પર્ધામાં જે તે કોલેજનું પ્રતિનિધિત્વ કરશે.

૬. ત્રીજો રાઉન્ડ કોલેજોના વહીવટી જિલ્લા સ્તરે યોજાશે. જેમાં જે તે કોલેજમાં પ્રથમ આવેલ પ્રથમ વિજેતાઓ ભાગ લેશે.

૭. દરેક વહીવટી જિલ્લાઓ માંથી પ્રથમ ૩ વિજેતા જાહેર કરવામાં આવશે. વિજેતા વિદ્યાર્થીઓ જે તે જિલ્લાનું પ્રતિનિધિત્વ યુનિવર્સીટી સ્તરની સ્પર્ધા માટે કરશે.

૮. યુનિવર્સીટી સ્તરે,વહીવટી જિલ્લાના પ્રથમ "૩" વિજેતાઓની સ્પર્ધા યોજાશે.

૯. દરેક યુનિવર્સીટીમાંથી પ્રથમ દસ વિજેતા જાહેર કરવામાં આવશે, વિજેતા વિદ્યાર્થીને તે યુનિવર્સીટીનું રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

૧૦. રાજય કક્ષાએ દરેક યુનિવર્સીટીના પ્રથમ દસ વિજેતા વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહ અને ૨/૩ દિવસોની શિબિર યોજાશે.

૧૧. પુસ્તક અધ્યયન - અનુશીલન પ્રોજેકટ માટે પણ આજ પ્રક્રિયા કરવી. પણ વિદ્યાર્થીને બદલે જે તે જુથ પ્રતિનિધિત્વ કરશે. પરંતુ યુનિવર્સીટી કક્ષાએ પ્રથમ પાંચ વિજેતા જાહેર થશે અને રાજયકક્ષાના સન્માન સમારોહમાં માત્ર પ્રથમ જુથ જ પ્રતિનિધિત્વ કરશે.

આ વિદ્યાર્થીઓ માટે શિબિર દરમ્યાન વિચારગોષ્ઠિઓ યોજાશે જેમાં પ્રસિધ્ધ વૈજ્ઞાનિક, સાહિત્યકાર, કેળવણીકાર, ઉદ્યોગપતિ, તેમજ અન્ય ક્ષેત્રોમાં સફળ એવી વ્યકિતઓ જોડે રૂબરૂ ચર્ચા-વિચારણા અને મુલાકાત ગોઠવવામાં આવશે.

રાજયકક્ષાની  શિબિર એક સ્થળે મે માસમાં યોજાશે. ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ પણ કોલેજના વિદ્યાર્થીઓ માટે મે માસમાં યોજાનાર શિબિરો માં ભાગ લેશે.

**સ્પર્ધા આયોજન :**

- દરેક વર્ગવાર ૨૫ વિદ્યાર્થીઓ દીઠ અલગ રૂમની વ્યવસ્થા
- સ્પર્ધાની સંખ્યાને આધારે બેઠક વ્યવસ્થા ગોઠવવી
- કોલેજોમાં વર્ગ કક્ષાની સ્પર્ધા બે થી ત્રાણ કલાકમાં પૂરી કરવી
- કોલેજના વિજેતા વિદ્યાર્થીઓની યાદી - વાંચેલા પુસ્તકોની યાદી સાથે યુનિવર્સીટીના પ્રતિનિધિને તા. ૧૬/૦૧/૨૦૧૧  સુધીમાં પહોચાડવવી.
- **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને વંચાયેલા પુસ્તકોની સંખ્યા તેમજ એની યાદી અને ડેટા એન્ટ્રી :** કોલેજ કક્ષાએ વિજેતા થનાર વિદ્યાર્થીઓની યાદી, તેમજ એમણે વાંચેલા પુસ્તકોની યાદી વાંચે ગુજરાતની વેબસાઇટ પર ઓનલાઇન ભરવી દરેક કોલેજ માટે ફરજિયાત છે. અન્ય વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની યાદી પણ કોલેજ ઇચ્છે તો ઓનલાઇન એન્ટ્રી કરી શકશે.

- પરંતુ કોલેજ માંથી ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા, કોલેજના કુલ વિદ્યાર્થી સંખ્યા ધોરણવાર અને તેમણે વાંચેલા પુસ્તકોની સંખ્યા આટલી માહિતીની ડેટા એન્ટ્રી કરવી દરેક કોલેજ માટે ફરજિયાત છે.
- કોલેજના દરેક વિદ્યાર્થીને એણે વાંચેલા પુસ્તકોની યાદી લેખકના નામ સહિત બે નકલમાં આપવા માટે જણાવવું. આ યાદી સ્પર્ધાના દસ દિવસ પહેલા વિદ્યાર્થી પાસેથી મેળવી લેવી અને એક નકલ નિર્ણાયકોને મોકલવી અને એક નકલ કોલેજમાં  રાખવી.

**ઈનામો**

**૧. પુસ્તક અધ્યયન અનુશીલન પ્રોજેકટ અને શ્રેષ્ઠ વાચક સ્પર્ધા (બંને પ્રોજેકટના વિજેતાઓને અલગ અલગ) :**

| | **કોલેજ કક્ષાએ** | **યુનિવર્સિટી કક્ષાએ** |
|---|---|---|
| પ્રથમ | **૫૦૧** | **૧૦૦૧** |
| દ્વિતીય | **૩૫૧** | **૭૫૧** |
| તૃતીય | **૨૫૧** | **૫૦૧** |
| પ્રોત્સાહન | **૧૦૧** | **૧૫૧** |
| (ત્રણ ઈનામો ) | | **(દસ)** |

**શ્રેષ્ઠ કોલેજની પસંદગી (શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અને પુસ્તક અધ્યયન અનુશીલન સ્પર્ધા અંતર્ગત) નીચે પ્રમાણે કરવામાં આવશે.**

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા માટે :**

**દા.ત. :**

| | **કોલેજ -૧** | **કોલેજ -૨** |
|---|---|---|
| કુલ વિદ્યાર્થી સંખ્યા | ૫૦૦ | ૧૦૦૦ |
| સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થી | ૮૦ | ૧૦૦૦ |
| ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા કુલ વંચાયેલ પુસ્તકો | ૧૦૦૦ | ૩૦૦૦ |
| પ્રતિ વિદ્યાર્થી વંચાયેલ પુસ્તકોની સંખ્યા | ૨.૦૦ | ૩.૦૦ |

## અધ્યયન અનુશીલન પ્રોજેક્ટ અંતર્ગત કોલેજોનું મૂલ્યાંકનની રીત :

| | | કોલેજ - ૧ | કોલેજ - ૨ |
|---|---|---|---|
| કોલેજના કુલ વિદ્યાર્થીની સંખ્યા | : | ૫૦૦ | ૧૦૦૦ |
| અધ્યયન અનુશીલન પોજેક્ટ હેઠળ બનેલા જુથોની સંખ્યા | : | ૧૫ | ૪૦ |
| અધ્યયન અનુશીલન પોજેક્ટ હેઠળ આપવામાં આવેલ કુલ વાર્તાલાપોની સંખ્યા | | ૪૫ | ૧૨૦ |
| કોલેજના કુલ વિદ્યાર્થી દીઠ અપાયેલ વાર્તાલોપોની સરેરાશ | : | ૦.૦૯ | ૦.૧૨ |
| બંને સ્પર્ધા અંતર્ગત કુલ ગુણ | | ૨.૦૯ | ૩.૦૧૨ |

- શ્રેષ્ઠ કોલેજની પસંદગી માટે ૫૦% ભારાંક શ્રેષ્ઠ વાચક સ્પર્ધાને અને ૫૦% ભારાંક પુસ્તક અધ્યયન અનુશીલનની કામગીરીને આપવામાં આવશે.
- દરેક કોલેજ પૈકી
- જે કોલેજમાં પ્રતિ કુલ વિદ્યાર્થી દીઠ વંચાયેલ પુસ્તકોની સરેરાશ + પ્રતિ કુલ વિદ્યાર્થી દીઠ અપાયેલ શેરી વાર્તાલાપોની સરેરાશ,  વધારે થશે
- તેને શ્રેષ્ઠ કોલેજ તરીકે પસંદ કરવામાં આવશે.

ઉપરના કેસમાં કોલેજ -૨ વિજેતા જાહેર થશે.

**<u>શ્રેષ્ઠ કોલેજ પુરસ્કાર :</u>**

**શ્રેષ્ઠ કોલેજ ( શ્રેષ્ઠ વાચક સ્પર્ધા અને પુસ્તક અધ્યયન અનુશીલન અંતર્ગત ) :**

**<u>શ્રેષ્ઠ કોલેજ</u>**

| | યુનિવર્સિટી કક્ષાએ |
|---|---|
| પ્રથમ | **૫૦૦૧** |
| દ્વિતીય | **૩૫૦૧** |
| તૃતીય | **૨૫૦૧** |
| પ્રોત્સાહન | **૫૦૧** |
| | **(ત્રણ)** |

**<u>નિર્ણાયકોની નિમણુંક :</u>**

નિર્ણાયકોની નિમણુંક કોણ કરી શકશે તેની માહિતી આ સાથેના પરિપત્રમાં આપવામાં આવી છે. આથી જેમને આ જવાબદારી સોંપવામાં આવી હોય તેમણે વેળાસર નિર્ણાયકોની નિમણુંક કરી તેમને જાણ કરવી. નિર્ણાયકો તરીકે શહેર / ગામના સારા વાચકો, કોલેજના પ્રાધ્યાપકો, નિવૃત્ત અધ્યાપકો અને અન્ય શાળા/ કોલેજના શિક્ષકોની પણ સેવા લઇ શકાશે. નિર્ણાયકોને એમની નિમણુંક અંગેનો પત્ર, જરૂરી વિગતો અને માહિતી સાથે પહોંચાડવી. મૂલ્યાંકન પત્ર અવશ્ય પહોંચાડવું. જરૂર જણાય તો નિર્ણાયકોની એક બેઠક કરી અભિયાનની માહિતી અને સ્પર્ધાની તમામ વિગતો અને એમણે કરવાની કામગીરીની સમજ પણ આપવી.

**<u>શ્રેષ્ઠ કોલજની પસંદગી :</u>**

શ્રેષ્ઠ કોલેજની પસંદગી યુનિવર્સીટી દ્વારા નીમાયેલ અધિકૃત સમિતિ જેમાં જિલ્લા સમિતિના પ્રમુખ અને મંત્રી પણ સામેલ હોય એવી સમિતિ, સંયુકતપણે કરશે.

**શ્રેષ્ઠ વાચક સ્પર્ધા શરૂ કરતા પહેલા દરેક કોલેજ નીચેના કાર્યક્રમોનું આયોજન કરશે :**

૧. પ્રેરણાસભા / વિચારમેળો
૨. ગ્રંથયાત્રા
૩. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
૪. વિચારગોષ્ઠિ ( ૫૦ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે, શકય હોય તો આ આયોજન કરવું.)

**સ્પર્ધાની નીચે જણાવેલ મુદ્દાઓની વિગતવાર માહિતિ આ સાથે અલગ સામેલ કરેલ છે.**

૧. સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ

૨. ગ્રંથયાત્રાની માહિતી
૩. ગોષ્ઠિ અંગેની માહિતી
૪. નિર્ણાયકોની નિમણુંક માટેના સૂચનો
૫. નિર્ણાયકોની નિમણુંકનો પત્ર
૬. શ્રેષ્ઠ વાચક સ્પર્ધાનો કાર્યક્રમ
૭. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા માટે મૂલ્યાંકનપત્ર
૮. ડેટા એન્ટ્રીનો નમૂનો
૯. શ્રેષ્ઠ વાચક સ્પર્ધા-ઉદ્‌ઘાટન સમારંભની કાર્યસૂચિ
૧૦. પુસ્તક અધ્યયન - અનુશીલન પ્રોજેકટ સ્પર્ધાનું મૂલ્યાંકન પત્ર.

**દરેક કોલેજ શ્રેષ્ઠ વાચક સ્પર્ધા શરૂ કરતા પહેલા એટલે કે ગ્રંથયાત્રા શરૂ થવા અગાઉ શાળામાં વિચારમેળાનું આયોજન કરશે અને એ માટે પૂરતી તૈયારીઓ કરશે.**

**કોલેજ કક્ષાની શ્રેષ્ઠ વાચક સ્પર્ધા :**

કોલેજ (વર્ગકક્ષાની અને આંતર વર્ગ) કક્ષાની સ્પર્ધા તા. ૨૦ થી ૩૧ ડીસેમ્બર દરમ્યાન જે તે કોલેજોમાં યોજાશે. આ સ્પર્ધા શરૂ થતા પહેલા દરેક કોલેજમાંથી પોતપોતાની અલગ ગ્રંથયાત્રા નીકળશે. જયારે અધ્યયન, અનુશીલન સ્પર્ધા તા. ૨૭/૦૧/૨૦૧૧ થી ૦૩/૦૨/૨૦૧૧ દરમ્યાન યોજાશે.

**ગ્રંથયાત્રા**

૧. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ જ ગ્રંથયાત્રામાં જોડાઇ શકશે.
૨. ગ્રંથયાત્રા પ્રસ્થાન પહેલા કોલેજમાં એક " વિચાર મેળો" / પ્રેરણાસભાનું આયોજન થશે.
૩. વિચાર મેળામાં નિષ્ણાંતો દ્વારા પુસ્તક મહાત્મ્ય તેમજ જીવનના ધ્યેય વિશે પ્રવચન અપાશે.
૪. ૫૦ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓના વાલીઓને ગ્રંથયાત્રાના સ્વાગત માટે જણાવવુ. શકય હોય તો એમને ખાસ નિમત્રાણ પણ મોકલવું.

**ગ્રંથયાત્રા માટે નીચેની બાબતોનું ધ્યાન રાખશો**

૧. ગ્રંથયાત્રા સમયસર નીકળવી જોઇએ અને નિર્ધારિત સમયે પહોચે તેવી વ્યવસ્થા / આયોજન કાળજીપૂર્વક કરવું.
**૨. ગ્રંથયાત્રાનું નેતૃત્વ કોલેજમાં સૌથી વધુ પુસ્તક વાંચનાર વિદ્યાર્થી કરશે. જે કોલેજનું પ્લેકાર્ડ લઇ ચાલશે.**

૩. ગ્રંથયાત્રામાં “ પુસ્તક વાંચન”અંગેના સૂત્રો / પ્લેકાર્ડસ્ જરૂરથી રાખવા. આ અંગેની સીડી તાલુકા સમિતિ પાસેથી મળી શકશે. વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.
૪. સ્પર્ધાના સૂત્રોના બેનરો શકય હોય તો બનાવડાવવા.
૫. કોલેજનું બેન્ડ હોય તો સાથે રાખવું. પરંતુ **માત્ર દેશભકિતના ગીતો જ** વગાડવા.
૬. ગ્રંથયાત્રામાં ૫૦ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને આગળ રાખવા.
૭. કોઇપણ સ્થળે ટ્રાફીક જામ ન થાય એ રીતે ગ્રંથયાત્રાનું નિયમન કરવું. ગ્રંથયાત્રા માટે જરૂરી પરવાનગી અગાઉથી મેળવી લેવી અને સ્થાનિક પોલીસને જાણ કરવી.
૮. ગ્રંથયાત્રામાં યોગ્ય સૂત્રોચાર કરાવવા.

**<u>વિચાર ગોષ્ઠિઓનું આયોજન</u>**

૧. ૫૦ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે કોલેજ કક્ષાની સ્પર્ધા દરમ્યાન ખાસ વિચાર ગોષ્ઠિઓનું આયોજન શકય હોય તો કરવું.
૨. આ ગોષ્ઠિમાં બે થી ત્રણ જેટલા મહાનુભવો સાથે ૨ થી ૩ કલાકનો વાર્તાલાપ યોજવો.
૩. વિદ્યાર્થીઓ, મહાનુભાવોને પોતાને મૂઝવતાં, એમની કારકિર્દી / જીવન અંગે અને મહાનુભાવોની સફળતાના કારણો અંગે પ્રશ્નો પૂછશે / વાર્તાલાપ કરશે.
૪. ગોષ્ઠિ માટે અલગ બેઠક વ્યવસ્થા કરવી.
૫. ગોષ્ઠિમાં માત્ર ૫૦ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ જ સામેલ થઇ શકશે. એમને અગાઉથી જાણ કરવી.

**વહીવટી જિલ્લા કક્ષાની,યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધાઓ અને રાજયકક્ષાનો સન્માન સમારોહ :**

૧. શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં જે તે રાઉન્ડના વિજેતા વિદ્યાર્થીઓને આગળની સ્પર્ધા ક્યાં અને ક્યારે છે તેની માહિતી આપી ત્યાં હાજર રહેવા સૂચના આપશોજી.
૨. તમામ પરિણામો જે તે સ્પર્ધા સ્થળે જ જાહેર કરવા.

**<u>ઈનામોના પુસ્તકો અંગે :</u>**

દરેક વિદ્યાર્થી અને કોલેજને આપવામાં આવનાર ઇનામો પુસ્તકો સ્વરૂપે અપાશે. આ માટે જે તે ઇનામ માટે નિર્ધારિત કરેલી રકમની કુપન વિજેતા વિદ્યાર્થી / કોલેજને આપવામાં આવશે. વિજેતા વિદ્યાર્થી / કોલેજ કુપનની કિંમતના પુસ્તકોની ખરીદી આ માટે યોજવામાં આવનાર ખાસ પુસ્તકમેળામાંથી કરી શકશે. વિદ્યાર્થીઓ પુસ્તકની ખરીદી કરી શકે એ માટે દરેક જિલ્લામાં એક / બે જગ્યાએ ગુજરાત પ્રકાશક મંડળના સહયોગથી પુસ્તક મેળાઓ યોજાશે. વિજેતાઓ આ કુપન રજૂ કર્યેથી કોઇપણ રકમ ચૂકવ્યા વિના પુસ્તકોની ખરીદી કરી શકશે. પૂસ્તક મેળાની તારીખની જાણ અગાઉથી કરવામાં

આવશે. ઇનામની રકમની કુપનો યુનિવર્સીટીને પહોંચાડવામાં આવશે. આ કુપન પર અધિકૃત અધિકારીની સહી હોવી જરૂરી છે.

આ તમામ સૂચનાઓનો વિગતે અભ્યાસ કરી કાળજીપૂર્વક અમલ કરવા નમ્ર વિનંતી છે.

પુસ્તક વાચનના આ અવનવા પ્રયોગો એક શાંત ક્રાંતિનું નિર્માણ કરી રહ્યા છે. ચાલો આપણે સૌ આ ક્રાંતિના આવાહક બનીએ. પરમકૃપાળુ પરમાત્મા આપ સૌને એ માટે પ્રેરણા અને શક્તિ આપે એજ અભ્યર્થના.

સહકારની અપેક્ષા સહ,

આભાર સહ,

લિ.
આપના સ્નેહાધીન,

**હર્ષદભાઇ શાહ,**
સહઉપાધ્યક્ષ
વાંચે ગુજરાત અભિયાન

**મહાદેવ દેસાઇ,**
માનદ્ મંત્રી
વાંચે ગુજરાત અભિયાન

**શ્રી હસમુખ અઢિયા**
અગ્રસચિવ, શિક્ષણ વિભાગ,
ગુજરાત રાજ્ય

# વાંચે ગુજરાત

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
## (કોલેજ સ્તરની)
## એક અભિનવ નવતર પ્રયોગ

## ઉદ્‌ઘાટન સમારંભ - કાર્યસૂચિ

**તા.** **સમય :**

| | **કાર્યક્રમ** | | |
|---|---|---|---|
| ૧. | વંદેમાતરમ્ | | ૨ |
| ૨. | પ્રાર્થના | | ૫ |
| ૩. | સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન<br>(શ્રેષ્ઠ વાચક સ્પર્ધા હેતુ, હેવાલ, ઉપલબ્ધિ અને ભાવિ દિશા) | કોલેજના આચાર્ય | ૫ |
| ૪. | પુસ્તકો દ્વારા મહેમાનોનું સ્વાગત | | ૨ |
| ૫. | ઊદ્‌ઘાટન | | ૨ |
| ૬. | અતિથિ વિશેષનું વાચન પ્રેરણા માટેનું પ્રવચન | | ૩૦ |
| ૭. | આભાર વિધિ | | ૩ |
| ૮. | રાષ્ટ્રગીત | | ૧ |
| ૯. | ગ્રંથયાત્રા પ્રસ્થાન | | ૫ |
| ૧૦. | ગ્રંથયાત્રા | | ૩૦ |
| ૧૧. | ગ્રંથયાત્રાનું સ્વાગત | | ૫ |
| ૧૨. | કોલેજના અલગ અલગ વર્ગમાં સ્પર્ધા, | | ૬૦ |
| | **કુલ** | | **૧૫૦** |
| ૧૩. | ગ્રંથયાત્રા પધાર્યા બાદ યોજાનાર વિચાર ગોષ્ઠિ<br>(૫૦ થી વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓ માટે, એઓ સ્પર્ધામાં ભાગ લેશે નહી, એઓ સીધા કોલેજની આંતરવર્ગ કક્ષાની સ્પર્ધા માં જશે) સ્પર્ધકો પૈકી વિદ્યાર્થીઓ જેમણે ૫૦ કરતા વધારે પુસ્તકો વાંચ્યા છે, તેમની સાથે વિભાગના સફળ મહાનુભવો સાથે વિચારગોષ્ઠિનું આયોજન શકય હોય તો કરવું. | | |

# વાંચે ગુજરાત અભિયાન

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા : કોલેજો માટે

### સમય પત્રક

| અનુ. નંબર | | કયા સ્તરે | સમય પત્રક | આયોજનની જવાબદારી | નિર્ણાયકોની નિમણુક | વિચાર ગોષ્ઠિ/ વિચાર મેળો /ગ્રંથ યાત્રા, પુસ્તક પ્રદર્શન |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ રાઉન્ડ | કોલેજમાં, વર્ગ સ્તરે | તા. ૨૦/૧૨/૨૦૧૦ થી તા. ૨૪/૧૨/૨૦૧૦ | કોલેજના આચાર્ય | કોલેજના આચાર્ય | |
| ૨. | બીજો રાઉન્ડ | કોલેજ સ્તરે આંતર વર્ગ | તા. ૨૭/૧૨/૨૦૧૦ થી તા. ૩૧/૧૨/૨૦૧૦ | કોલેજના આચાર્ય | કોલેજના આચાર્ય/તાલુકા સમિતિ | |
| ૩. | તૃતીય રાઉન્ડ | યુનીવર્સીટીના વહીવટી જિલ્લા સ્તરે | તા. ૧૦/૦૧/૨૦૧૧ | VC | VC / જિલ્લા સમિતિઓ | |
| ૪. | ચોથો રાઉન્ડ | સમગ્ર યુનીવર્સીટી | તા. ૨૧/૦૧/૨૦૧૧ | VC | VC / જિલ્લા સમિતિઓ | |
| ૫. | રાજ્ય સન્માન સમારોહ | રાજ્ય કક્ષાએ | મે ૨૦૧૧ | Com. of Higher Edu. | State Exe. Committee (મહેમાનો નિમંત્રાણ ) | |

# વાંચે ગુજરાત અભિયાન

## પુસ્તક અધ્યયન અનુશીલન પ્રોજેકટ : કોલેજો માટે

### સમય પત્રક

| અનુ. નંબર | | કયા સ્તરે | સમય પત્રક | આયોજનની જવાબદારી | નિર્ણાયકોની નિમણુક | વિચાર ગોષ્ઠિ/ વિચાર મેળો / ગ્રંથ યાત્રા, પુસ્તક પ્રદર્શન |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ રાઉન્ડ | કોલેજ સ્તરે | તા.૨૭/૦૧/૨૦૧૧ થી તા.૦૩/૦૨/૨૦૧૧ | કોલેજના આચાર્ય | કોલેજના આચાર્ય/તાલુકા સમિતિ | |
| ૨. | બીજો રાઉન્ડ | યુનીવર્સીટીના જિલ્લા સ્તરે | તા. ૦૭/૦૨/૨૦૧૧ | VC | VC / જિલ્લા સમિતિ | |
| ૩. | ત્રીજો રાઉન્ડ | સમગ્ર યુનીવર્સીટી | તા. ૧૧/૦૨/૨૦૧૧ | VC | VC / જિલ્લા સમિતિ | |
| ૪. | રાજ્ય સન્માન સમારોહ | રાજ્ય કક્ષાએ | મે ૨૦૧૧ | Com. of Higher Edu. | State Exe. Committee (મહેમાનોને નિમંત્રાણે ) | |

# વાંચે ગુજરાત અભિયાન
## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
### મૂલ્યાંકન પત્ર

યુનિવર્સીટી નું નામ :
વહીવટી જિલ્લો :
ગામ / શહેરનું નામ :
વર્ગ :
પ્રથમ રાઉન્ડ :

૧) સમગ્ર રાજ્યમાં કોલેજના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ]

૨) યુનિવર્સીટીના વિદ્યાર્થીઓએ વાંચેલા પુસ્તકોની સરેરાશ સંખ્યા [ ]

| *અનું. નંબર | **સ્પર્ધક નંબર | વિદ્યાર્થીનું નામ | કોલેજ નંબર | વિદ્યાર્થીનો રોલ નંબર | વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની સંખ્યા | વાંચેલા કુલ પાનાની સંખ્યા | મૂલ્યાંકન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | વાંચેલા પુસ્તકો / પાનાની સંખ્યા | પુસ્તકોની ગુણવત્તા | ગ્રહણશક્તિ | સમગ્રછાપ | કુલ | ***આગળના રાઉન્ડ માટે પસંદગી કરવામાં આવે છે. |
| | | | | | | | ૩૦ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ | |
| ૧ | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | | |
| ૧૧ | | | | | | | | | | | | |
| ૧૨ | | | | | | | | | | | | |
| ૧૩ | | | | | | | | | | | | |
| ૧૪ | | | | | | | | | | | | |
| ૧૫ | | | | | | | | | | | | |
| ૧૬ | | | | | | | | | | | | |
| ૧૭ | | | | | | | | | | | | |
| ૧૮ | | | | | | | | | | | | |
| ૧૯ | | | | | | | | | | | | |
| ૨૦ | | | | | | | | | | | | |
| ૨૧ | | | | | | | | | | | | |
| ૨૨ | | | | | | | | | | | | |
| ૨૩ | | | | | | | | | | | | |
| ૨૪ | | | | | | | | | | | | |
| ૨૫ | | | | | | | | | | | | |

**બિડાણ :** ઉપરોક્ત વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની યાદી આ સાથે સામેલ છે.

- આ ફોર્મ દરેક નિર્ણાયકને આપવું.

# વાંચે ગુજરાત અભિયાન
## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા
## વિદ્યાર્થીએ વાંચેલા પુસ્તકોની યાદી

યુનિવર્સીટી :

વહીવટી જિલ્લો :

ગામ / શહેરનું નામ :

વર્ગ :

અનું. નંબર : સ્પર્ધક નંબર :

વિદ્યાર્થીનું નામ : કોલેજ નંબર :

રોલ નંબર :

| અનું. નંબર | પુસ્તકનું નામ | લેખકનું નામ | પાનાની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# પુસ્તક અધ્યયન - અનુશીલન પ્રોજેકટ

**સ્પર્ધાના પ્રથમ / ફાઇનલ રાઉન્ડના પ્રેઝન્ટેશનમાં, ગ્રુપે રજુ કરવાની વિગતો .**

**લેખિત અભિવ્યકિત :**

૧. ગ્રુપનું નામ - પુસ્તકનું નામ
૨. પુસ્તકનો વિચાર સાર : ૩ વિદ્યાર્થી દ્વારા (વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ બે ફુલસ્કેપ પેજીસ)
૩. પુસ્તકના સ્પર્શી ગયેલા વિચારો (એક પાનામાં)
૪. પુસ્તકના અધ્યયન બાદ આપનામાં કંઇક પરિવર્તન થયું કે કેમ? (પાંચ થી દસ લાઇનમાં)
   (ગ્રુપના દેરક વિદ્યાર્થીએ આપે એ અપેક્ષિત છે.)
૫. શેરી વાર્તાલાપ દરમ્યાન થયેલ સવાલો અંગે ટૂંક સાર.
૬. ગ્રુપની ભાવિ યોજનાઓ, કાર્યક્રમો અને એકશન ગ્રુપ તરીકે ભવિષ્યમાં વિચારક્રાંતિ માટે કેવી રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશો. (એક પાનામાં)

**મૌખિક અભિવ્યકિત :**

**મૌખિક / પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન માટે કુલ સમય : ૨૦ મિનિટ**

| રજુઆત નીચે પ્રમાણે ક્રમાનુસાર કરવાની રહેશે. | | સમય મિનિટ |
|---|---|---|
| ૧. | પુસ્તક સાર - કોઇ પણ એક વિદ્યાર્થી દ્વારા | ૬ |
| ૨. | અત્યાર સુધીની કામગીરીનો હેવાલ | ૨ |
| ૩. | પુસ્તકમાંથી અમે ઝીલેલા વિચારો જે જગત સુધી પ્રસરાવીશું ( ૨ થી ૬ વિદ્યાર્થી દ્વારા) | ૬ |
| ૪. | પુસ્તકના વિચાર અનુરૂપ ભાવિ કાર્યક્રમો | ૨ |
| ૫. | નિર્ણાયકો દ્વારા સવાલો - ગ્રુપ મેમ્બર દ્વારા ઉત્તરો | ૪ |
| | | ૨૦ |

**સ્પર્ધા માટે જરૂરી સૂચનાઓ :**

૧. ગ્રુપના બધા જ સભ્યોએ સમયસર હાજર રહેવુ.
૨. પુસ્તક સાથે લાવવું.
૩. લેખિત પ્રેઝન્ટેશનના કાગળો/ સાહિત્ય ફાઇલમાં વ્યવસ્થિત ફાઇલ કરવા .
૪. મૌખિક પ્રેઝન્ટેશનને બદલે આ જ પ્રમાણે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન પણ કરી શકાશે.

# વાંચે ગુજરાત અભિયાન
## પુસ્તક અધ્યયન અનુશીલન સ્પર્ધા
### <u>મૂલ્યાંકન પત્ર</u>

યુનીવર્સીટીનું નામ : ગામ/શહેરનું નામ :

વહીવટી જિલ્લાનું નામ :

વર્ગ :

પ્રથમ રાઉન્ડ :

પુસ્તકનું નામ : લેખકનું નામ :

| *અનું. નંબર | જુથનું નામ | કોલેજ નંબર | જુથે કેટલા શેરી વાર્તાલાપ આપ્યા | જુથના કેટલા વિદ્યાર્થીઓએ શેરી વાર્તાલાપ આપ્યા | મૂલ્યાંકન | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | શેરી વાર્તાલાપ | | અભિવ્યક્તિ (પ્રેઝન્ટેશન) | | | | |
| | | | | | શેરી વાર્તાલાપોની સંખ્યા | વાર્તાલાપ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા | લેખિત અભિવ્યક્તિ | વિચાર ગ્રહણશક્તિ | અભિવ્યક્તિ કૌશલ્ય | પ્રશ્નોત્તરી | |
| | | | | | ૨૫ | ૨૫ | ૧૦ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦૦ |
| ૧ | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | |

## ગ્રૂપની કામગીરીના મૂલ્યાંકન માટેના નિયમો :

| | | |
|---|---|---|
| **શેરી વાર્તાલાપો** | **:** | **૫૦** |
| **અભિવ્યક્તિ-પ્રેઝન્ટેશન** | **:** | **૫૦** |
| **કુલ માર્ક** | **:** | **૧૦૦** |

(અ) ગ્રૂપે કેટલા શેરી વાર્તાલાપ આપ્યા : (મહત્તમ માર્ક : ૨૫)

ગ્રૂપ દ્વારા અપાયેલ દર શેરી વાર્તાલાપ દીઠ : ૫ માર્ક આપવા

(બ) કેટલા વિદ્યાર્થીઓ દ્વારા વાર્તાલાપ અપાયા : (મહત્તમ માર્ક : ૨૫)

| વાર્તાલાપ આપનાર વિદ્યાર્થીની સંખ્યા | મળવાપાત્ર માર્ક |
|---|---|
| ૧ થી ૫ | ૫ |
| ૬ થી ૧૦ | ૧૦ |
| ૧૧ થી ૧૫ | ૧૫ |
| ૧૬ થી ૨૦ | ૨૦ |
| ૨૧ થી ૨૫ | ૨૫ |

# વાંચે ગુજરાત

## શ્રેષ્ઠ વાચક સ્પર્ધા

### નિર્ણાયકોની નિમણૂક માટે નમૂનાનો પત્ર અને કરવાની કામગીરી અંગે માહિતી.

પ્રતિ,
શ્રી

સ્નેહી શ્રી,

**વિષય : વાંચે ગુજરાત અભિયાન-શ્રેષ્ઠ વાચક સ્પર્ધા-નિર્ણાયક તરીકેની સેવાઓ**

(૧) શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવા આપવા માટે આપે સંમતિ આપી, તે બદલ અમો આપનું નતમસ્તકે ૠણ સ્વીકારીએ છીએ અને આપે આપેલ સહકાર બદલ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

(૨) આપે બે કલાક થી ત્રાણ કલાક સેવા આપવાની છે અને એ દરમિયાન ૨૫ થી ૫૦ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું છે.

(૩) આપશ્રી આ સમગ્ર પ્રયોગમાં / અભિયાનમાં નિર્ણાયક તરીકે નહી પરંતુ એક **પુસ્તકપ્રેમી પ્રેરણામૂર્તિ** તરીકે જઇ રહ્યા છો, આપની મુલાકાતમાં વિદ્યાર્થીઓને વધારે વાંચવા પ્રેરણા આપશો અને એની વાચનયાત્રા હવે પછી હંમેશ માટે ચાલુ રહે એવી પ્રેરણા આપશો.

(૪) પ્રથમ રાઉન્ડની સ્પર્ધા કોલેજના દરેક વર્ગમાં થશે.

(૫) **માનનીય નિર્ણાયકોને નમ્ર વિનંતી.**

(૧) વિદ્યાર્થીઓની યાદી અને એમણે વાંચેલા પુસ્તકોની યાદી તપાસી લેવી.

(૨) ગેરહાજર વિદ્યાર્થીઓની નોંધ રાખવી અને એની માર્કશીટમાં ગેરહાજર લખવું.

(૩) સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમય આયોજન ખૂબ જ જરૂરી હોય, બે થી ત્રાણ કલાકમાં "૨૫" વિદ્યાર્થીનું મૂલ્યાંકન પૂરૂ કરવા નમ્ર વિનંતી છે.

(૪) જે વિદ્યાર્થીને આપ પ્રથમ રાઉન્ડમાં એટલે વર્ગની સ્પર્ધામાં પસંદ કરો, તેમને સીધી ત્યાં જ જાણ કરવી અને કોલેજને જણાવવું. દરેક વર્ગ દીઠ પાંચ વિદ્યાર્થીની પસંદગી કરવાની છે.

(૫) ૫૦ કરતા વધારે પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં "બાય"આપવામાં આવી છે. એટલે એમને સીધા જ કોલેજ સ્તરની (આંતર - વર્ગ) સ્પર્ધા માટે મોકલવા. આમ કરતાં એક વર્ગમાં પાંચ કરતા વધારે વિદ્યાર્થીઓ હોય તો પણ પાંચ કરતા વધારે વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાની સ્પર્ધા માટે મોકલવા. એઓ સ્પર્ધામાં ભાગ ન લેતા સીધા વિચારગોષ્ઠિ માટે જશે (જો આયોજન થયું હોય તો).

(૬) આપના કવરમાં નીચે જણાવેલ સામગ્રી છે.

(ક) જે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનું છે, તેમની યાદી અને તેમણે વાંચેલા પુસ્તકોની યાદી.

(ખ) આપે કયા વર્ગમાં/ બ્લોક નંબરમાં મૂલ્યાંકન કામગીરી કરવાની છે, તેની વિગતો.

(ગ) સમગ્ર સ્પર્ધાની આંકડાકીય માહિતી, સરેરાશ વંચાયેલ પુસ્તકોની સંખ્યા, ફ્રીકવન્સી પૃથ્થકરણ, જે આપને નિર્ણય લેવામાં સહાયભૂત નીવડી શકે.

(ઘ) આપનો નિર્ણાયક તરીકેનો બેજ.

(૭) આપે જે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું છે, તેમણે વાંચેલા પુસ્તકોની યાદી આપને આપવામાં આવી છે. શક્ય છે કે આપે એ પૈકીના પુસ્તકો ન પણ વાંચ્યા હોય. દરેક નિર્ણાયક માટે આખા રાજ્યમાં આ શક્ય પણ નથી. આથી આપે તો એણે એ વાંચ્યું છે કે નહી અને વાંચ્યું હોય તો શું ગ્રહણ કર્યુ છે, તે અંગે થોડા પ્રશ્નો પૂછવા અને એના આધારે મૂલ્યાંકન કરવું.

(૮) આપ વિદ્યાર્થીઓના પ્રેરણામૂર્તિ બની રહ્યાં છો, આપના અભૂતપૂર્વ સહકાર બદલ અમો આપનો નતમસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ.

સહકારની અપેક્ષા સહ,

આભાર સહ,

લિ.

(નિર્ણાયકોની નિમણૂંક કરનાર અધિકૃત વ્યકિત)